# સપ્ટેમ્બર ૨૦૧૪

# Most IMP Current Affairs


















Asian Games
INCHEON 2014

Crack GPSC

www.crackgpsc.com

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

# સપ્ટેમ્બર ૨૦૧૪

## We are famous for...

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

www.crackgpsc.com

Useful For....

UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com


# Most Imp Current Affairs – September 2014

## ➢ 1st week

- કેન્દ્ર સરકારે જોઈન્ટ ઈન્વેસ્ટીગેશન કમિટિના અધ્યક્ષ આર એન રવિને નાગા વાર્તાકાર તરીકે નિયુક્ત કર્યા. તેઓ પૂર્વોત્તર વિસ્તારની બાબતોમાં વિશેષજ્ઞ છે.
- પાકિસ્તાન સરકારે પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ રાહિલ શરીફને દેશના રાજનીતિક સંકટને શાંત કરવા માટે મધ્યસ્થ તરીકે નિયુક્ત કર્યા.
- ટી સી એ અનંતને સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂન દ્વારા ગઠિત સ્વતંત્ર વિશેષજ્ઞ પરામર્શ સમૂહમાં સામેલ કરાયા.
- જાણીતાં ભારતીય ગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ અને તેમના પતિ વાયોલીન વાદક એલ સુબ્રમણ્યમને વિશ્વ સંગીતમાં યોગદાન બદલ ન્યુજર્સી વિધાનસભાએ સન્માનિત કર્યાં.
- વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના રિપોર્ટ અનુસાર ગુજરાતનું તટવર્તી ક્ષેત્ર વ્હેલ શાર્કનું પ્રજ્જન ક્ષેત્ર છે. વ્હેલ શાર્કનાં ચાર નાનાં બચ્ચાં મળવાથી આ બાબતની પુષ્ટિ થઇ.
- અભિષેક બચ્ચનની જયપુર પિંક પેન્થર્સે ફાઈનલમાં યૂ મુંબાને હરાવીને પ્રો કબડ્ડી લીગનો ખિતાબ જીત્યો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતમાં આદિવાસીઓમાં જોવા મળતી સિકલ સેલ એનીમિયા બીમારીનો ઉપચાર શોધવા માટે મદદ માગ્યા બાદ જાપાન આ દિશામાં ભારતની સાથે મળીને કામ કરવા સહમત થઇ ગયું છે. સિકલ સેલ એનીમિયા એક જીવલેણ બીમારી છે અને મોટા ભાગે આદિવાસી આ બીમારીનો વધુ શિકાર થાય છે.
- ભારતીય મહિલા શોધકર્તા વીણા સહજવલ્લા સહિત 16 વૈજ્ઞાનિકોનું પ્રતિષ્ઠિત ઓસ્ટ્રેલિયન લોરેટ ફેલોશિપથી સન્માન કરાયું. વીણા સહજવલ્લાનું ઈ કચરાના માઇક્રો રીસાયકલીંગ પર કરેલ કાર્ય માટે સન્માન કરાયું.
- ICC દ્વારા જારી વન ડે રેન્કિંગમાં ભારત પ્રથમ ક્રમે.
- પોલેન્ડની એથ્લીટ અનીતા વોદારજેકે ઇન્ટરનેશનલ સ્ટેડીયન ફેસ્ટ એથલેટીક્સમાં ગોળા ફેંક સ્પર્ધામાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- ભારતીય તેલુગુ એક્ટર અક્કીનેની નાગેશ્વર રાવ US પોસ્ટલ સર્વિસ દ્વારા ટપાલ ટિકિટથી સન્માનિત થનાર પ્રથમ ભારતીય એક્ટર બન્યા. તેઓ એનએનઆરના લોકપ્રિય નામથી ઓળખાય છે.

www.crackgpsc.com

- યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાએ વિજય માલ્યાને વિલફુલ ડિફોલ્ટર ઘોષિત કર્યા. UBI વિજય માલ્યાની બાબતે આ પ્રકારની ઘોષણા કરનારી પ્રથમ બેંક છે.
- નિવૃત થઇ રહેલા સરકારી કર્મચારીઓને સમયસર પેન્શન આપવામાં અડચણ કે મોડું થવા પર સંબંધિત વિભાગના પ્રમુખને જવાબદાર માનવાનો નિયમ બનાવાયો. નિવૃત થઇ રહેલા કર્મચારીને પેન્શન આપવાની પ્રક્રિયા નિવૃતિની તારીખથી એક વર્ષ પહેલાં શરુ થવી જોઈએ. હાલમાં આ પ્રક્રિયા બે વર્ષ પહેલાં શરુ કરાય છે.
- અમેરિકી થીંક ટેંક બૃકીંગ ઇન્સ્ટીટયુશન તરફથી 2008 થી 2012 સુધી કરાયેલા અધ્યયન મુજબ ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને અમેરિકા મોકલવાના વિષયમાં હૈદરાબાદ વિશ્વમાં ચોથા સ્થાને.
- સચિન તેંદુલકરની આત્મકથા પ્લેયિંગ ઈટ માય વે નું વિમોચન 6 નવેમ્બરે થશે. આ પુસ્તકનું પ્રકાશન હોડર એન્ડ સ્ટાઉટને કર્યું છે. ભારતીય ઉપખંડમાં તેના પ્રકાશન અધિકાર હેશેટ ઇન્ડિયા પાસે છે. પુસ્તકના સહ લેખક પ્રસિદ્ધ ક્રિકેટ ઇતિહાસકાર અને ખેલ પત્રકાર બોરિયા મજુમદાર છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના ક્યોટો શહેરમાં ઘણા કાર્યક્રમોમાં ભાગ લીધો અને જાપાનના સમ્રાટ અકીહીતોથી મુલાકાત કરી. ભારત અને જાપાન વચ્ચે કેટલીક સંધિઓ થઇ. પાંચ વર્ષમાં જાપાન ભારતમાં 35 અબજ ડોલરનું રોકાણ કરશે. રક્ષા સહયોગ વધશે. જાપાન પીપીપી પરિયોજનાઓ માટે 50 અબજ યેનનું ઋણ આપશે. જાપાન ભારતને બુલેટ ટ્રેનની સુવિધા માટે નાણાંકીય અને ટેક્નીકલ મદદ કરશે. ભારત જાપાન વચ્ચે અસૈન્ય પરમાણુ સમજુતી પર સહમતિ ન થઇ શકી. યુ એસ 2 નભ જલ વિમાનની ખરીદી બાબતે કોઈ સમજુતી થઇ ન શકી. ઉલ્લેખનીય છે કે જાપાન ભારતમાં રોકાણ કરવામાં ચોથો સૌથી મોટો દેશ છે.
- એસોચેમના રિપોર્ટ મુજબ દેશના દૂધ ઉત્પાદનમાં 17% થી વધુ હિસ્સેદારી સાથે ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે છે. જ્યારે દેશના કુલ ડેરી ઉત્પાદનની બાબતે 11% થી વધુ હિસ્સેદારી સાથે ઉત્તરપ્રદેશ ત્રીજા સ્થાને છે.





www.crackgpsc.com

- અર્થતંત્ર પર કર વ્યવસ્થા અને મોંઘવારીના દબાણની બાબતમાં ભારત દુનિયાના સૌથી પછાત દેશોની શ્રેણીમાં આવી ગયું છે. વિશ્વ આર્થિક ફોરમ (WEF) ના રિપોર્ટ અનુસાર અપરાધ અને આતંકવાદને કારણે અહીં વેપાર શરુ કરવો પણ મુશ્કેલ છે. મોંઘવારીની બાબતે દુનિયાના 144 દેશોની સૂચિમાં ભારત 133 મા સ્થાને છે.
- કર્ણાટક રાજ્ય દેશમાં સ્વાસ્થ્ય અદાલત શરુ કરનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. આની શરૂઆત સ્વાસ્થ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને હલ કરવા અને સરકાર દ્વારા અપાતી સ્વાસ્થ્ય સુવિધાઓની લોકો સુધી પહોંચને સુનિશ્ચિત કરવા કરાઈ.
- પ્રોફેસર જીરો યાસુદાના નેતૃત્વમાં જાપાની સંશોધકોએ ઇબોલા વાયરસને 30 મિનિટમાં શોધી કાઢવા નવી રીત RT-LAMP (Reverse Transcription Loop Mediated isothermal amplification) વિકસાવી. આ રીત હાલમાં ઇબોલા વાયરસને શોધવા વપરાતી પોલીમરાઈઝ ચેન રીએક્શન (PCR) ટેકનોલોજીના મુકાબલે વધુ સારી છે .
- ઇક્વાડોરે વિશ્વની પ્રથમ ડિજિટલ મુદ્રાની યોજનાનું અનાવરણ કર્યું. આ મુદ્રા સેન્ટ્રલ બેંક ઓફ ઇક્વાડોર દ્વારા રજુ કરાશે જે ડિસેમ્બર 2014 થી અસ્તિત્વમાં આવશે. ઇક્વાડોરમાં અત્યાર સુધી અમેરિકન ડોલરનો ઉપયોગ થાય છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આર એમ લોઢાની અધ્યક્ષતાવાળી પાંચ સભ્યની સંવિધાન પીઠે ઉર્દૂને રાજ્યમાં બીજી સરકારી ભાષાનો દરજ્જો આપનાર ઉત્તરપ્રદેશ સરકારી ભાષા (સંશોધન) કાનૂન 1989 ને કાયદેસર ગણાવ્યો.
- કેન્દ્ર સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનરોને મોંઘવારી રાહતમાં 7% વધારાને મંજુરી આપી. તેની અસર 1 જુલાઈ 2014 થી આપવામા આવશે.
- મીડફિલ્ડર રીતુ રાનીની એશિયન ગેમ્સ 2014 માટે ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન તરીકે પસંદગી થઇ.
- પુનઃનિર્મિત નાલંદા યુનિવર્સિટીએ પટનાથી 100 કિમી દૂરના શહેર રાજગીરના પોતાના કામચલાઉ પરિસરમાં 15 વિદ્યાર્થીઓ સાથે 1 સપ્ટેમ્બરથી પોતાનું પ્રથમ સત્ર શરુ કર્યું. નાલંદા યુનિવર્સિટીના કુલપતિ ગોપા સભરવાલ છે. પ્રાચીન નાલંદા યુનિવર્સિટી 12 મી સદી સુધી હયાત હતી. ત્યારબાદ કુતબુદ્દીન ઐબકના સેનાપતિ બખ્તિયાર ખિલજીની તુર્કી સેનાએ તેની પર હુમલો કરી ધ્વંસ કરી હતી. આ યુનિવર્સિટી ભારત સરકાર અને 18 પૂર્વ એશિયા શિખર સંમેલન (EAS) ના દેશોની એક પહેલ છે. EAS ના સાત દેશો ઓસ્ટ્રેલિયા, કંબોડિયા, સિંગાપુર, બ્રુનેઇ, ન્યુઝીલેન્ડ, લાઓસ અને મ્યાનમાર હતા. પ્રાચીન નાલંદા યુનિવર્સિટીની સ્થાપના ગુપ્ત કાળ દરમ્યાન થઇ હતી.

www.crackgpsc.com

- લીબિયામાં સશસ્ત્ર સમૂહો દ્વારા ત્રિપોલીમાં કબ્જાના પરિણામસ્વરૂપ સરકાર દ્વારા મંત્રાલયો પર નિયંત્રણ ગુમાવ્યા બાદ સંસદે વડાપ્રધાન તરીકે અબ્દુલ્લા અલ થીંનીને ફરીથી નિયુક્ત કર્યા.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ભારતના 42 મા ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ હંદયાલા લક્ષ્મીસ્વામીનારાયણ દત્તુની નિયુક્તિને મંજુરી આપી.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ભારતીય સંગીતકારો પર આઠ ટપાલ ટીકીટોનો એક સેટ રજુ કર્યો. આ ટીકીટોમાં ભારતીય શાસ્ત્રીય સંગીતની મહાન વિભૂતિઓ પંડિત રવિશંકર, પંડિત ભીમસેન જોશી, સુશ્રી ડી કે પટ્ટામ્મલ, પંડિત મલ્લિકાર્જુન મન્સુર, સુશ્રી ગંગુબાઈ હંગલ, પંડિત કુમાર ગંધર્વ, ઉસ્તાદ વિલાયત ખાન અને ઉસ્તાદ અલી અકબર ખાનનું ચિત્રણ કરવામા આવેલ છે.
- ભારત નેપાળ સંયુક્ત સૈન્ય અભ્યાસ સૂર્ય કિરણ VII પિથોરાગઢમાં સંપન્ન.
- ભારતનું સૌથી મોટું ઓફશોર પેટ્રોલ વેસલ INS સુમિત્રા ભારતીય નૌસેનામાં સામેલ. હાલમાં ભારતીય નૌસેના પ્રમુખ એડમિરલ આર કે ધવન છે.
- ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન ટોની એબોટે ભારત માટે નવા કોલંબો પ્લાનનો આરંભ મુંબઈ યુનિવર્સીટીમાં કર્યો. કેનબેરાના આ પ્લાનનો હેતુ ઓસ્ટ્રેલીયાના અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભારતમાં ભણવા માટે સહયોગ કરીને ભારત-પ્રશાંત ક્ષેત્રના જ્ઞાનનો લાભ ઉઠાવવાનો છે.




- ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન ટોની એબોટની ભારત યાત્રા પૂર્ણ. અસૈન્ય પરમાણું ઊર્જા સહિત ખેલ, વોટર રીસોર્સીઝ મેનેજમેન્ટ, વ્યવસાયિક શિક્ષણ અને ટ્રેનીંગમાં સહયોગ માટે સમજુતી થઇ. યુરેનિયમ ભંડારના મામલામાં ઓસ્ટ્રેલીયા વિશ્વનો ત્રીજો પ્રમુખ દેશ છે.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ વિજયવાડાને આંધ્રપ્રદેશની નવી રાજધાની ઘોષિત કરી. હૈદરાબાદ આગામી દશ વર્ષ સુધી આંધ્રપ્રદેશ અને તેલંગણાની સંયુક્ત રાજધાની રહેશે.
- રવિન્દ્રનાથ નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (NSIC) ના નવા CMD બન્યા. તેમણે એચ પી કુમારનું સ્થાન લીધું. NSIC ની સ્થાપના લઘુ ઉદ્યોગોને સહાય કરવા માટે કરાઈ હતી

www.crackgpsc.com

- ચંદ્રકલા પડિયાને ભારતીય ઉચ્ચ અધ્યયન સંસ્થાન (આઈઆઈએએસ) નાં પ્રથમ મહિલા અધ્યક્ષ નિમવામાં આવ્યાં.
- મેડીકલ વેલ્યુ ટ્રેવલ ઇન ઇન્ડિયા નામના અધ્યયન રિપોર્ટમાં ભારતને એશિયાનાં ટોચના ત્રણ પર્યટન સ્થળોમાં મૂકવામા આવ્યું. અન્ય બે દેશ થાઈલેન્ડ અને સિંગાપુર છે.
- સુપ્રીમ કોર્ટે પોતાની મહત્તમ સજાની અડધી સજા ભોગવી દીધેલ કેદીઓને છોડી મુકવાનો આદેશ કર્યો.
- ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ કેમિકલ ટેકનોલોજીએ એક રીચાર્જેબલ મેગ્નેશિયમ ધાતુ બેટરી બનાવી. જે લેડ એસિડ બેટરીનો એક વિકલ્પ છે.
- ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગે આગાહી કરી છે કે બે વર્ષ પહેલા વૈજ્ઞાનિકોએ જે માયાવી કણ 'ગોડ પાર્ટિકલ'ની શોધ કરી હતી તેમાં સમગ્ર બ્રહ્માંડને નાશ કરવાની ક્ષમતા છે.
- ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકી ગણિતજ્ઞ દયા રેડ્ડીને ICSU (ઇન્ટરનેશનલ સાયન્સ કાઉન્સિલ) ના નવા અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા.
- ઈરાકની સંસદે હૈદર અબાદીનાં નેતૃત્વમાં દેશની નવી સરકારની રચનાને મંજુરી આપી. અબાદી પૂર્વ વડાપ્રધાન નુર અલ મલિકીની જેમ 'ઇસ્લામી દાવા પાર્ટી' ના સદસ્ય છે.
- પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે પોતાના મંત્રાલય દ્વારા લાગુ અધિનિયમોની સમીક્ષા માટે એક ઉચ્ચ સમિતિની રચના કરી. તેના અધ્યક્ષ ટી એસ આર સુબ્રમણ્યમ છે.
- ભારતે ઔપચારિક રૂપે આસિયાન (દક્ષિણ પૂર્વીય એશિયન રાષ્ટ્રોનું સંગઠન) સાથે રોકાણ અને સેવા વેપાર સમજુતી કરી.
- વિશ્વ સાક્ષરતા દિવસ 8 સપ્ટેમ્બરના રોજ ઉજવાયો. આ વર્ષની થીમ સાક્ષરતા અને સતત વિકાસ હતી. પ્રથમ સાક્ષરતા દિવસ 1966 માં ઉજવાયો હતો.
- બિહાર સરકારે કિન્નરોને 'થર્ડ જેન્ડર' નો દરજ્જો આપ્યો.
- પિસ્ટલ નિશાનેબાજ જીતુ રાયે 51 મી આઈએસએસએફ વિશ્વ નિશાનેબાજી સ્પર્ધા (2014)માં પુરુષોની 50 મિટર પિસ્ટલ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.

## ➢ 2nd week

- રાજસ્થાનના સીનીયર વહીવટી અધિકારી સુભાષચંદ્ર ગર્ગ વિશ્વ બેંકના કાર્યકારી નિદેશક પદ પર નિમણુક પામ્યા.
- પ્રખ્યાત બાંગ્લાદેશી નજરૂલ સંગીત ગાયક ફિરોઝા બેગમનું નિધન.
- વેનિસ ફિલ્મોત્સવમાં ભારતીય લેખક-નિર્દેશક ચૈતન્ય તમ્હાનેની પ્રથમ ફિલ્મ 'કોર્ટ' ને લાયન ઓફ ધ ફ્યુચરના પુરસ્કારથી સન્માનિત કરવામા આવી.

www.crackgpsc.com

- જેમ્સ બોન્ડ ફિલ્મોમાં સ્ટીલના દાંતના વિલનની ભૂમિકા ભજવનાર અભિનેતા રિચર્ડ કિલનું નિધન.
- માઈક અને બોબ બ્રાયને અમેરિકન ઓપન ટેનિસનો પુરુષ યુગલનો ખિતાબ જીત્યો. ટેનિસમાં 100 ખિતાબ જીતનારી આ વિશ્વની પહેલી જોડી છે.
- ભારતીય પરિસ્થિતિવિજ્ઞાની ડૉ. કમલ બાવાની મિદોરી પુરસ્કાર 2014 માટે પસંદગી. તેમની પસંદગી હિમાલય ક્ષેત્રમાં જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતામાં ઉલ્લેખનીય સંશોધન માટે કરાઈ.
- ટી એન સુરેશકુમાર પૃથ્વીના વાયુમંડળમાં સ્ટ્રેટોસ્ફીયરની યાત્રા કરનાર પહેલા ભારતીય બન્યા. સુરેશ કુમારે સોકોલ એરબેસથી મિગ 29 વિમાનમાં 17100 ની ઉંચાઈ પર ઉડાન ભરી.
- ભારતી એરટેલે 6 આફ્રિકન દેશોમાં 3500 ટાવરો માટે ઈટન ટાવર્સ સાથે સમજુતીની ઘોષણા કરી.
- હરિકા દ્રોણાવલ્લીએ મહિલા ગ્રાં પ્રી શતરંજમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.
- ઓરિસ્સાના વ્હીલરદ્વીપમાં એકીકૃત પરીક્ષણ કેન્દ્રના લોન્ચ પેડથી એક મોબાઈલ લોન્ચર દ્વારા સપાટીથી સપાટી પર પ્રહાર કરનારી એકલ ચરણ મિસાઈલ અગ્નિ-1 નું સફળ પરીક્ષણ કરવામા આવ્યું. 1000 કિલોગ્રામ સુધીની ક્ષમતા ધરાવતી આ મિસાઈલ 700 કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે.
- મોરોક્કોમાં વિશાળ ડાયનાસોરનું હાડપીંજર મળી આવ્યું. આ ડાયનાસોર સ્પીનોસોરસ એજીપટિએક્સ સમૂહનો છે અને સૌથી મોટો માંસાહારી ડાયનાસોર છે.
- ભારતીય બેડમિન્ટન ખેલાડી એચ એસ પ્રણોયે ઇન્ડોનેશિયન માસ્ટર્સ ગ્રા પ્રી ગોલ્ડ ટુર્નામેન્ટ 2014 નો પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- સુપ્રીમ કોર્ટે તમામ સરકારી નોકરીઓમાં વિકલાંગો માટે 3% અનામત રાખવા નિર્દેશ કર્યો.
- રશિયાના હેકર્સે જીમેલના પાંચ મિલિયન પાસવર્ડ લીક કર્યા.
- RBI એ ખાનગી બેંકોના MD અને CEO ની અધિકતમ વયમર્યાદા 70 વર્ષ કરવાનો નિર્ણય કર્યો. ઉલ્લેખનીય છે કે બધી સાર્વજનિક બેંકોના કર્મચારીઓ માટે નિવૃત્તિ વય 60 વર્ષ છે.
- આયુર્વેદ, હોમિયોપેથી, યુનાની, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાને પ્રોત્સાહન આપવા નેશનલ આયુષ મિશન, (NAM) શરુ થશે. આ મિશનથી આયુષ સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષા દ્વારા કમજોર અને દુરનાં ક્ષેત્રોમાં સ્વાસ્થ્ય સેવાઓ વચ્ચેના ગેપને ઓછો કરવા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની સરકારોને મદદ કરાશે.
- ઓગસ્ટ 2014 માં શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થોના ભાવ ઘટવાથી ફુગાવાનો દર ઘટીને 3.74% થયો.

www.crackgpsc.com

- શિક્ષણશાસ્ત્રી કિરીટ જોશીનું નિધન. તેમને 1983માં ભારત સરકારના વિશેષ સચિવ તરીકે નિયુક્ત કરવામા આવ્યા હતા. તેઓ 2008-2010 દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રીના શૈક્ષણિક સલાહકાર પણ હતા.
- અમેરિકાએ સર્બિયાને હરાવીને એફઆઈબીએ બાસ્કેટબોલ વિશ્વકપ 2014 જીત્યો. અમેરિકા લગાતાર વિશ્વ ખિતાબ જીતનાર ત્રીજો દેશ બન્યો.
- એસોચેમે જમ્મુ કશ્મીરમાં આવેલ પુરને કારણે રાજ્યની અર્થ વ્યવસ્થામે 5700 કરોડ રૂપિયાના નુકસાનનો અંદાજ આપ્યો.
- ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયાના આતંકવાદીઓએ બ્રિટીશ સહાયક કર્મી ડેવિડ હૈન્સની હત્યા કરી.
- નરેન્દ્ર અમ્બવાની ભારતીય વિજ્ઞાપન માનક પરિષદના અધ્યક્ષ ચૂંટાયા.
- કેન્દ્ર સરકારે જુના બેંક ખાતેદારોને જનધન યોજનાનો લાભ આપવાની જાહેરાત કરી.
- સાર્ક દેશોના ગૃહ મંત્રીઓની ત્રણ દિવસીય બેઠક કાઠમાંડુમાં યોજાઈ. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહે ભાગ લીધો. સાર્ક દેશોમાં ભારત, નેપાળ, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે.
- નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ગુજરાત સરકારના 'સ્વાવલંબન' અભિયાનનો શુભારંભ કર્યો.
- પ્રણવ મુખરજીએ વિયેતનામ યાત્રા દરમ્યાન બંને દેશો વચ્ચે સાત સમજુતીઓ પર હસ્તાક્ષર કર્યા.
- ભારતીય મૂળના કેમ્બ્રિજ યુનિવર્સીટીના પ્રોફેસર અમૃતા નારલીકર જર્મન ઇન્સ્ટીટયુટ ઓફ ગ્લોબલ એન્ડ એરિયા સ્ટડીઝ (ગીગા) ના પ્રમુખ તરીકે નિયુક્ત. ગીગા એક સમાજ વિજ્ઞાન શોધ સંસ્થાન છે.
- અભિનેતા લિયોનાર્ડો ડીકેપ્રીયોને જળવાયુ પરિવર્તન પર વિશેષ ધ્યાન આપવા માટે સંયુક્ત રાષ્ટ્રના શાંતિ દૂત નીમવામા આવ્યા.
- પાકિસ્તાનના ક્રિકેટર શાહિદ આફ્રીદી પાકિસ્તાન ક્રિકેટના ટી-20 ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત.
- આંતરરાષ્ટ્રીય આર્થિક સંઘે વિશ્વબેંકના સીનીયર ઉપાધ્યક્ષ અને મુખ્ય અર્થશાસ્ત્રી કૌશિક બસુને સંઘના પ્રેસિડેન્ટ-ઈલેક્ટ તરીકે નિયુક્ત કર્યા.
- ટાટાની કંપની ક્રોમા અને સ્નેપડીલ વચ્ચે ઈલેક્ટ્રોનિક સમાનના ઓનલાઈન વેચાણ માટે કરાર.
- દવા કંપની લ્યુપીને જર્મનીની બાયોફાર્માસ્યુટિકલ કંપની મર્ક સેરોનો સાથે કરાર કર્યો.


www.crackgpsc.com

- ભારતીય કેરમ ખેલાડી રશ્મિ કુમારીએ માલદીવમાં આયોજિત કેરમ વિશ્વ કપ ચેમ્પિયનશિપમાં મહિલા એકલનો ખિતાબ જીત્યો.
- વિશ્વ બેંક સમુહે ઇબોલાનો સામનો કરવાના હેતુથી ઇબોલા ઈમરજન્સી રિસ્પોન્સ પરિયોજના માટે 105 મિલિયન ડોલરનુ અનુદાન મંજુર કર્યું.
- અભિનેતા નસીરુદ્દીન શાહે પોતાની આત્મકથા 'એન્ડ ધેન વન ડે: એ મેમોર' રજુ કરી.
- ભારતમાં ચીનના નવા રાજદૂત તરીકે લે યુચેંગ નિયુક્ત. આ પહેલાં તેઓ કઝાકિસ્તાનમાં ચીનના રાજદૂત હતા. તેમણે ચીનના પૂર્વ રાજદૂત વઈ વઈનું સ્થાન લીધું.
- લાલકૃષ્ણ અડવાણી લોકસભાની આચાર સમિતિના અધ્યક્ષ નિયુક્ત. આ સમિતિ સાંસદોના અનૈતિક આચરણથી જોડાયેલી ફરિયાદોનું નિવારણ કરે છે.
- ચીનના ચુંગચીંગ શહેરમાં પહેલી મોબાઈલ ફોન ફૂટપાથ લેન બનાવાઈ.
- ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગ ત્રણ દિવસની ભારત યાત્રા પર અમદાવાદ પહોંચ્યા. બંને દેશોએ 3 MOU પર હસ્તાક્ષર કર્યા. જેવાકે (1) ગુજરાત સરકારના IEB અને ચીન વિકાસ બેંક વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવા ગુજરાતમાં ઔદ્યોગિક પાર્ક બનાવવા (2) ચીનના ગુઆંગદોંગ અને ગુજરાત વચ્ચે સિસ્ટર પ્રોવિન્સ જેવો સંબંધ રચવા (3) ગ્વાન્ઝાઓ અમદાવાદ નગર નિગમ વચ્ચે ટ્રેનીગ બાબતે સમજુતી.
- વેલ્ધ એક્સ રિપોર્ટ અનુસાર ભારત અબજપતિઓની સંખ્યાની બાબતે 6ઠ્ઠા સ્થાને છે. પ્રથમ સ્થાને અમેરિકા છે.
- જર્મનીના વિદેશ મંત્રી ફ્રેંક વોલ્ટર સ્ટીનમીયરે ભારતનો પ્રવાસ કર્યો. બંને દેશો કૌશલ વિકાસ, સખત મળ નિકાલ વ્યવસ્થા અને નદીઓની સફાઈમાં સહયોગ માટે એક રોડમેપ તૈયાર કરવા સહમત થયા.
- આંતરરાષ્ટ્રીય મુક્કેબાજી સંઘે ભારતીય મુક્કેબાજોને ભારતીય ધ્વજ તિરંગા હેઠળ એશિયન ગેમ્સ રમવાની પરવાનગી આપી.



- ગોવા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ માટે સ્થાઈ સ્થળ બની ગયું. ભારતમાં 45 મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ગોવામાં 20 થી ૩૦ નવેમ્બર સુધી યોજાશે.
- રેલવે ક્ષેત્રમાં સહયોગ વધારવાના હેતુથી ભારત અને ચીન વચ્ચે હસ્તાક્ષર થયા. જેના અંતર્ગત હાઈ સ્પીડ રેલમાં સહયોગ, રેલવે યુનિવર્સીટીની સ્થાપના, રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે ચીની ટેકનોલોજીની સહાય ખાસ છે.
- મિસ કિરા કાજાનત્સેવે મિસ અમેરિકા પ્રતિયોગીતા જીતી.
- યુનિવર્સીટી ઓફ કોલોરાડો કેન્સર સેન્ટરના સંશોધનકર્તાઓએ અગ્નાશય, પ્રોસ્ટેટ, ફેફસા, પેટ અને મૂત્રાશયના કેન્સર માટે જવાબદાર પ્રોટીન રાલને રોકવા માટે BQU 57 નામનું નવું સંયોજન વિકસાવ્યું.
- નોર્વેના પૂર્વ વડાપ્રધાન ગ્રો હાર્લેમ બ્રંટલેન્ડ સહિત કુલ પાંચ લોકોને પ્રથમ 'ટેંગ' પુરસ્કાર આપવામા આવ્યો. જેને એશિયાના નોબલ પુરસ્કાર તરીકે પણ ઓળખવામા આવે છે.
- વડાપ્રધાને ભારતીય ગુણવત્તા પરિષદ (ક્યુસીઆઈ)ના અધ્યક્ષ પદે પૂર્વ મેકીન્સ ઇન્ડિયાના અધ્યક્ષ આદિલ જૈનુલભાઈને નિયુક્ત કર્યા.
- રાજસ્થાન રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (NJAC) બીલ 2014 અપનાવનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. તે દ્વારા રાજ્યમાં ઉચ્ચ ન્યાયપાલિકામાં ન્યાયાધીશોની નિમણુક અને બદલીની બે દાયકા જૂની કોલેજીયમ પ્રણાલીને સમાપ્ત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો.
- સંસદ દ્વારા ઓગસ્ટ 2014 માં વિધેયક પસાર કર્યા બાદથી એનજેએસી બીલ ભારતના બંધારણની કલમ 368 અનુસાર રાજ્યોમાં મોકલવામા આવ્યું હતુ. કલમ 368 સંસદને બંધારણમાં સંશોધન કરવાનો અધિકાર આપે છે પરંતુ આ સંશોધનને રાષ્ટ્રપતિ સમક્ષ મંજુરી માટે રજુ કર્યા પહેલા ઓછામાં ઓછા કુલ રાજ્યોના અડધા રાજ્યોની વિધાયિકા દ્વારા તેની સ્વીકૃતિ જરૂરી છે.
- ચીનની બેન્કોએ એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ અને એક્સિસ બેંક સાથે વેપારની સમજુતી કરી.
- પ્રધાનમંત્રી જન ધન યોજનાની સુવિધા સહકારી બેંકોના ખાતા ધારકોને આપવાની ઘોષણા કરવામા આવી.
- કેન્દ્રીય ખેલ મંત્રાલય મુક્કેબાજ મનોજ કુમારને અર્જુન પુરસ્કાર આપવા સહમત થયું.
- મેઘાલયના રાજ્યપાલ ડૉ. કૃષ્ણકાન્ત પોલે મણીપુરના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા.

- પ્રસિદ્ધ સારંગી વાદક ઉપ્પાલપુ શ્રીનિવાસનું નિધન.
- 17મી એશિયન ગેમ્સ દક્ષિણ કોરિયાના **'ઇંચીયોન'** માં શરુ થઇ. 45 દેશોના ખેલાડીઓ અને અધિકારીઓએ કોરિયન વર્ણમાલાને આધારે માર્ચ પાસ્ટમાં ભાગ લીધો. જેમાં નેપાળનું દળ સૌથી આગળ હતું. ભારતીય હોકી ટીમના કેપ્ટન સરદાર સિંહ તિરંગા સહીત ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું. ભારત તરફથી કુલ 516 ખેલાડીઓએ ભાગ લીધેલ છે.
- ચીનની ગ્રાન્ડ સ્લેમ વિજેતા અને મહિલા ટેનિસ ખેલાડી લી નાએ સન્યાસની જાહેરાત કરી. તે ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ 2011 ની ફાઈનલમાં પ્રવેશીને ગ્રાન્ડ સ્લેમની સિંગલમાં એશિયન દેશનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ ટેનિસ ખેલાડી છે.




## 3rd week

- કેન્દ્રીય સુચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે પાંચ ભારતીય ભાષાઓ (હિન્દી, મરાઠી, સંસ્કૃત, ડોગરી અને નેપાળી) માં સમાચાર એસએમએસ સેવા શરુ કરી. આ સેવા નરેન્દ્ર મોદીની 'ડીજીટલ ઇન્ડિયા' યોજનાનો એક ભાગ છે. જેનું 'કમ્યુનિકેટીંગ ઇન્ડિયા' એક ખાસ અંગ છે.
- બરાક ઓબામાએ ભારતમાં આગામી રાજદૂત તરીકે ભારતીય મૂળના અમેરિકન રીચાર્ડ રાહુલ વર્માને પસંદ કર્યા. હાલમાં નવી દિલ્હી સ્થિત અમેરિકન દૂતાવાસનો ચાર્જ કૈથલીન સ્ટીફન્સના હાથમાં છે.
- ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વિયેતનામની મુલાકાત લીધી.
- કેન્દ્રીય કાપડ મંત્રાલયે 13 ટેકસટાઇલ પાર્કોની સ્થાપનાની મંજુરી આપી. દરેક પાર્ક માટે 100 કરોડ રૂપિયાના લઘુત્તમ રોકાણ પ્રસ્તાવ પર વિચાર કરવામા આવશે. તે સાથે જ મંત્રાલય દરેક પાર્ક માટે 40 કરોડ રૂપિયાની સબસીડી આપશે. દેશમાં ખેતી બાદ કાપડ ઉદ્યોગ સૌથી વધુ રોજગાર પેદા કરે છે.
- ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગની ત્રણ દિવસીય ભારત યાત્રા પૂર્ણ. બંને દેશો વચ્ચે થયેલ મહત્વના કરાર : કૈલાસ માનસરોવર યાત્રા માટે નવો રસ્તો બનાવવો, રેલવેમાં સહયોગ, પાંચ વર્ષીય વેપાર તથા આર્થિક વિકાસ યોજના, ભારત ચીન સંયુક્ત

www.crackgpsc.com

આર્થિક સમૂહો વચ્ચે 10 મા સત્રની કાર્ય યોજના પર સહમતિ, સીમા કર બાબતે પરસ્પર વહીવટી સહાય અને સહયોગ, અંતરીક્ષનો શાંતિપૂર્ણ પ્રયોગ, સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચે આદાન પ્રદાન તથા સહયોગ, ભારતના નેશનલ બુક ટ્રસ્ટ અને ચીનના રાજ્ય પ્રેસ, પ્રકાશન, રેડીયો, ફિલ્મ તથા ટીવી પ્રશાસન વચ્ચે સહયોગ, ઔષધ પ્રશાસન અને સહયોગ પર કાર્ય યોજના, મુંબઈ અને શાંઘાઈ વચ્ચે સિસ્ટર પ્રોવિન્સ સંબંધની સ્થાપના, અમદાવાદ અને ગ્વાન્ઝાઓ વચ્ચે સિસ્ટર પ્રોવિન્સ સંબંધની સ્થાપના, ગુજરાત અને ગ્વાંગડાંગ સિસ્ટર પ્રોવિન્સ/રાજ્ય સંબંધની સ્થાપના, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઔદ્યોગિક પાર્કોની સ્થાપનામાં સહયોગ આપવો.

- અફગાનિસ્તાનના ચૂંટણી પંચે ડૉ. અશરફ ગનીને રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ઘોષિત કર્યા.
- એશિયન ગેમ્સમાં ભારતે બેડમિન્ટનના મહિલા ટીમ વર્ગમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો.
- પદ્મિની પ્રકાશ ભારતમાં પ્રથમ ટ્રાન્સજેન્ડર ટેલિવિઝન સમાચાર વાચક (એન્કર) બની. 15 ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ તેમણે પ્રથમ વખત લોટસ ન્યુઝ ચેનલ સ્ટુડીઓ માટે ટેલીપ્રોમ્પટરથી હેડલાઈન્સ વાંચી.
- એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા નિશાનેબાજ ટીમે 25 મીટર પિસ્ટલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.
- અમેરિકન પત્રિકા ફોર્ચ્યુને 'એશિયા પેસિફિકની 25 શક્તિશાળી મહિલાઓની સુચિ' રજુ કરી. જેમાં ચંદા કોચરે (આઈસીઆઈસીઆઈ બેન્કના પ્રમુખ) બીજું સ્થાન મેળવ્યું. પ્રથમ સ્થાને ઓસ્ટ્રેલિયાની બેંક વેસ્ટપેકની ચેરમેન ગેલ કેલી છે. ભારતીય સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના અરુંધતી ભટ્ટાચાર્ય ચોથા, એચપીસીએલના નિશી વાસુદેવ પાંચમા અને એક્ષિસ બેન્કના શિખા શર્મા 10મા સ્થાને છે. પેપ્સિકોના સીઈઓ ચંદ્રા નુઈ ત્રીજા સ્થાને છે.
- વૈજ્ઞાનિકોએ જલવાયુ પરિવર્તનથી મેગાડ્રોટસનું જોખમ વધવાની ચેતવણી આપી. વૈજ્ઞાનિક ભાષામાં મેગાડ્રોટસ શબ્દનો પ્રયોગ દાયકાઓ સુધીના લાંબા દુકાળોનું વર્ણન કરવા માટે થાય છે.
- રમત રીટેલર પ્યુમા ઇન્ડિયા પ્રા. લિ.એ વેચાણ અને રીટેલ પ્રમુખ અભિષેક ગાંગુલીને નવા મેનેજિંગ ડીરેક્ટર નિયુક્ત કર્યા.
- ઉત્તરપ્રદેશ સરકારે રાજ્યના તમામ જીલ્લાઓમાં નિર્ભયા કેન્દ્ર ખોલવાનો નિર્ણય કર્યો.
- લેરી એલિસને સોફ્ટવેર કંપની ઓરેકલ કોર્પ.ના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) પદેથી રાજીનામુ આપ્યું.

www.crackgpsc.com

- વિશ્વનાથન આનંદે છઠ્ઠા અને અંતિમ ચરણમાં આર્મેનિયાના લેવોન એરોનિયનથી હારવા છતાં પ્રથમ બિલબાઓ ચેસ માસ્ટર્સ ખિતાબ જીત્યો.
- ટીવી શો કૌન બનેગા કરોડપતિમાં દિલ્હીના નરુલા બંધુ 7 કરોડ રૂપિયા જીતનાર પ્રથમ સ્પર્ધક બની ગયા.
- નેપાળ સરકારે 900 મેગાવોટની જીએમઆર કંપનીના અપર કર્નાલી હાઇડ્રો પાવર પ્લાન્ટ નિર્માણ પ્રસ્તાવને મંજુરી આપી.
- ભારતની વિમાન સેવા કંપની ઈન્ડીગોએ A320 વિમાનની ખરીદી માટે ચીનના 'ઇંડસ્ટ્રીયલ એન્ડ કોમર્સિઅલ બેંક ઓફ ચાઈના લિ.' સાથે સમજુતી કરી.
- જોન કીને ન્યુઝીલેન્ડના વડાપ્રધાન તરીકે ત્રીજી વાર ચૂંટવામાં આવ્યા. તેઓ 2008 થી ન્યુઝીલેન્ડના વડાપ્રધાન છે.
- બેનીમારામાએ ફીજીના વડાપ્રધાન પદના શપથ લીધા. રાષ્ટ્રપતિ એપેલી નાયલાતિકાઉએ તેમને શપથ અપાવ્યા.
- કેલિફોર્નિયા સ્થિત ઈન્ટેલે ડેટા કેન્દ્રોમાં પ્રદર્શનમાં તેજી લાવવા માટેના લાઇવ પ્રોસેસર Xeon E5 -V3 ની એક નવી શ્રેણીની શરૂઆત કરી.
- મદ્રાસ હાઈ કોર્ટે આરટીઆઈ હેઠળ માહિતી માટે આવેદનકર્તાઓએ તે માહિતી માટેનું કારણ જણાવવું અનિવાર્ય ઠરાવ્યું.
- લેફ્ટનન્ટ જનરલ રિજવાન અખ્તરને પાકિસ્તાનની ઈન્ટેલીજન્સ એજન્સી ઇન્ટર સર્વિસીસ ઈન્ટેલીજન્સ (ISI)ના નવા પ્રમુખ નીમવામાં આવ્યા.
- ભારતીય બેટ્સમેન સુરેશ રૈના 'T20' ક્રિકેટમાં 5000 રન પુરા કરનાર ભારતના પ્રથમ અને દુનિયાના સાતમા બેટ્સમેન બની ગયા.
- સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પૂર્વ રાજદૂત હરદીપસિંહ પુરી વૈશ્વિક વિચાર સમૂહ 'થીંક ટેંક' ના મહાસચિવ તરીકે પસંદગી પામ્યા.
- આરબીઆઈએ સાઉથ ઇન્ડીયન બેંકના એમડી અને સીઈઓ તરીકે વી જી મેથ્યુની નિમણુકને મંજુરી આપી.
- અમિત મેથ્યુને સર્વ સંમતિથી વર્ષ 2014-15 માટે ઓડીટ બ્યુરો ઓફ સર્ક્યુલેશન્સ (એબીસી) ના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. તેઓ મલયાલા મનોરમાના રેજીડેંટ સંપાદક અને નિદેશક છે.
- ભારતના મહત્વાકાંક્ષી મિશન મંગળયાને મંગળ ગ્રહની કક્ષામાં પ્રવેશ કર્યો. તે સાથે જ ભારત મંગળ સુધી પહોંચનાર પ્રથમ એશિયન દેશ જ નથી બન્યો, પરંતુ પોતાના પ્રથમ પ્રયાસે જ સફળતા પ્રાપ્ત કરીને નવો વિક્રમ પણ સર્જ્યો.

- હિન્દી ફિલ્મ 'લાયર્સ ડાઈસ' 87 મા ઓસ્કાર એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ વિદેશી શ્રેણીમાં નોમીનેટ થઇ.
- ગોવિંદ મિશ્રને નવલકથા 'ધૂલ પૌધો પર' માટે વર્ષ 2013 માટે સરસ્વતી સન્માન એનાયત. આ નવલકથા આધુનિક ભારતીય મહિલાઓના સંઘર્ષને દર્શાવે છે અને વાસ્તવિકતા અને તેઓ રોમાંસનું કલાત્મક મિશ્રણ છે. 1991 માં ડૉ. હરિવંશ રાય બચ્ચન બાદ આ સન્માન પ્રાપ્ત કરનાર હિન્દીના બીજા રચનાકાર છે. કે કે બિરલા ફાઉન્ડેશને વર્ષ 1991 માં સરસ્વતી સન્માનની સ્થાપના કરી હતી. પ્રથમ સન્માન ડૉ હરિવંશ રાય બચ્ચનને તેમની આત્મકથાત્મક કૃતિ 'દશદ્વાર સે સોપાન તક' માટે આપવામાં આવ્યું હતુ.
- શ્રીલંકા ક્રિકેટ બોર્ડે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મર્વન અટાપટ્ટુને રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ નિયુક્ત કર્યા.
- બેજિંગ ઓલિમ્પિક 2008 માં સુવર્ણ પદક વિજેતા અભિનવ બિન્દ્રા આંતરરાષ્ટ્રીય નિશાનેબાજી રમત મહાસંઘના સાત સભ્યોવાળા એથ્લીટ આયોગના સભ્ય તરીકે બીજી વાર ચૂંટાયા.
- દેશમાં સ્વચ્છતા અને કચરા નિકાલ વ્યવસ્થા માટે વડાપ્રધાનના સ્વચ્છ ભારત મિશનને અનુરૂપ કેન્દ્રીય સ્ટીલ, ખાણ, શ્રમ અને રોજગાર મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે 'સ્વચ્છ વિદ્યાલય અભિયાન' માટે 100 કરોડ રૂપિયા નિર્ધારિત કર્યા. આ યોજના માટે દેશભરના વિવિધ રાજ્યોમાં કુલ 3000 વિદ્યાલયની પસંદગી કરાઈ છે.
- કોલ બ્લોક (કોલસા નિકાસ ક્ષેત્ર) ફાળવણીના ભ્રષ્ટાચારના મામલામાં સુપ્રીમ કોર્ટે વિવાદિત કુલ 218 માંથી 214 કોલ બ્લોક ફાળવણી રદ કરવાનો આદેશ આપ્યો.
- ભારતીય મહિલા નિશાનેબાજ ટીમે ઇન્ચિઓનમાં માહિલા ડબલ ટ્રેપ સ્પર્ધામાં કાંસ્ય પદક જીત્યો.



- વન અને પર્યાવરણ વિભાગે 'બે ઓફ બંગાલ ગેટ વે સબમરીન કેબલ સીસ્ટમ' ને મંજુરી આપી. આ કેબલ ઓમાન, સંયુક્ત આરબ અમીરાત, ભારત, શ્રીલંકા અને મલેશિયા સુધી જશે.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા થયેલ એક અભ્યાસ મુજબ વર્ષ 2100 સુધી વૈશ્વિક જન સંખ્યા 11 અબજ થવાનું અનુમાન.
- કેન્દ્ર સરકારે રેલવે બોર્ડની પુનર્રચનાના ઉપાયો સૂચવવા માટે દેબરોય પેનલની નિમણુક કરી. 7 સદસ્યો વાળી આ પેનલના અધ્યક્ષ જાણીતા અર્થશાસ્ત્રી વિવેક દેબરોય છે.
- વડાપ્રધાને 'મેક ઇન ઇન્ડિયા' યોજના લોન્ચ કરી. સાથે સાથે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 'મેક ઇન ઇન્ડિયા' નું પોર્ટલ (વેબસાઈટ makeinindia.com) લોન્ચ થયું. તેનો હેતુ ડોમેસ્ટિક મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાનો અને દેશને વૈશ્વિક વિનિર્માણનું હબ બનાવવાનો છે. નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં એફડીઆઈની નવી પરીભાષા આપતા કહ્યુ કે ભારતીયો માટે આનો મતલબ 'ફર્સ્ટ ડેવલપમેન્ટ ઇન્ડિયા' હોવો જોઈએ.
- ગુગલ ઇન્ડિયાએ વડાપ્રધાન ઓફીસ માટે એક મોબાઇલ એપ્લીકેશન વિકસિત કરવા માટે એક રાષ્ટ્રવ્યાપી સ્પર્ધાનુ આયોજન કરવાની ઘોષણા કરી. આ એપ્લીકેશન દરેક નાગરિકને વડાપ્રધાન કાર્યાલયથી જોડશે. આ એપ્લીકેશન દ્વારા ગૂગલ 'ડીજીટલ ભારત' યોજનાને પ્રોત્સાહન આપશે.
- ઇન્ડિયા ટીવીના અધ્યક્ષ અને મુખ્ય સંપાદક રજત શર્મા વર્ષ 2014-15 માટે ન્યુઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશનના નવા અધ્યક્ષ તરીકે નિમાયા. એબીપી ન્યુઝના અશોક વેંકટરમાનીને ઉપાધ્યક્ષ નીમવામાં આવ્યા.
- સુપ્રીમ કોર્ટની પાંચ સદસ્ય વાળી સંવિધાન પીઠે રાષ્ટ્રીય કર ન્યાયાધિકરણ અધિનિયમને ગેરબંધારણીય જાહેર કર્યો.
- કાર્બન ઉત્સર્જનને ઘટાડવા અને જળવાયુ પરિવર્તનની પ્રતિકુળ અસરોને ઘટાડવા માટે કાર્યવાહી અને ગ્લોબલ વોર્મિંગનાં કારણોની ચર્ચા કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન શિખર સંમેલન 2014 ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં યોજવામાં આવ્યું.
- પ્રસિદ્ધ લેખક અને ફિલ્મ નિર્માતા એમ ટી વસુદેવન નાયરને વર્ષ 2013 માટે લાઈફટાઈમ અચીવમેન્ટ માટે જે સી ડેનિયલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- ક્રિકેટર સચિન તેંદુલકર અને ઓસ્ટ્રેલિયાના સ્ટીવ વોને બ્રેડમેન ઓનરીઝ 2014 માટે પસંદ કરવામાં આવ્યા. તેઓને સિડનીમાં 29 ઓકટોબર 2014 ના રોજ બ્રેડમેન ફાઉન્ડેશનના ગાલા ડીનરમાં સમ્માનિત કરવામાં આવશે. બ્રેડમેન ફાઉન્ડેશન એક બિન-નફાકીય સંસ્થા છે જે 1987 માં સર ડોનાલ્ડ બ્રેડમેનના સહયોગથી સ્થાપવામાં આવી હતી. દર બે વર્ષે તેમના સન્માનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મહત્વના યોગદાન માટે બ્રેડમેન ઓનરીઝની પસંદગી કરવામાં આવે છે.

## ➢ 4th week

- ઈમામી બાયોટેકે વનસ્પતિ બ્રાંડ રસોઈને ટેક ઓવર કરી.
- યમનના રાષ્ટ્રપતિ અબ્દરાબુહ મંસૂર હાદીએ શિયા હોથી વિદ્રોહિઓ સાથે યમનની રાજધાની સાનામાં શાંતિના કરાર કર્યા.
- કેન્દ્ર સરકારે બરાક મિસાઈલના 1000 કરોડના સોદાને મંજુરી આપી. આ સોદો ઇઝરાયેલ સાથે થયો.
- ભારતે પારાના ઉપયોગ અટકાવવા સંબંધિત 'મીનામાટા સંધિ' પર હસ્તાક્ષર કર્યા. આ સંધિ હેઠળ દેશમાં પારાનો ઉપયોગ બંધ થશે. 'મીનામાટા સંધિ' અંતર્ગત દુનિયાભરમાં પારાનો ઉપયોગ બંધ કરવાનો પ્રસ્તાવ છે. સંધિના અમલથી આગામી દશ વર્ષોમાં દેશ પારામુક્ત થઇ જશે. જાપાનના મીનામાટા નામના શહેરમાં 1950 ના દાયકામાં એક કંપનીમાં પારાના લીકેજના લીધે લોકોને લાઈલાજ બીમારી થઈ ગઈ. તેથી વૈજ્ઞાનિકોએ આ બીમારીને મીનામાટા નામ આપ્યું. તેથી દુનિયાભરમાં પારાના ઉપયોગને રોકવા માટે અભિયાન શરુ થયું.
- એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈએ બાળકોને સ્વતંત્ર રીતે ખાતુ ઓપરેટ કરવાની અનુમતિ આપી. આ સુવિધા 10 વર્ષથી ઉપરના બાળકો માટે ઉપલબ્ધ છે. આઈસીઆઈસીઆઈ બેન્કે 'સ્માર્ટ સ્ટાર્સ' ખાતું શરુ કર્યું છે અને ફેડરલ બેંક સગીરો માટે યુવા ચેમ્પિયન ખાતું ખોલશે.
- કેન્દ્ર સરકારે ગંગા નદીના કાયાકલ્પ માટે સુપ્રીમ કોર્ટમાં કાર્ય યોજના રજુ કરી. આ કાર્ય યોજનાની અવધિ 18 વર્ષની છે.
- કેન્દ્રીય મંત્રી મંડળે શહેરી વિસ્તારો માટે સ્વચ્છ ભારત મિશનની મંજુરી આપી. તેની શરૂઆત 2 જી ઓક્ટોબર 2014 થી થશે અને તેનો કાર્યકાળ પાંચ વર્ષનો છે. તેનો હેતુ લોકોને સ્વચ્છતા અને જન સ્વાસ્થ્ય પ્રતિ જાગૃત કરવાનો છે.

www.crackgpsc.com

- મધ્ય પ્રદેશ સરકારે રાજ્યમાં વિદેશી રોકાણ વધારવા માટે 'ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ 2014' ના આયોજનની ઘોષણા કરી. આ સંમેલન ઓક્ટોબર માસમાં ઇન્દોરમાં યોજાશે.
- વૈજ્ઞાનિકોએ એક નવા પ્રકારની મસ્તિષ્ક કોશિકાની શોધ કરી છે જે કોશિકા બનાવટ (સેલ બોડી) ને સંકેત આપે છે.
- ફોર્બ્સ અનુસાર ભારતના સો સૌથી ધનિક અબજપતિઓમાં મુકેશ અંબાણી સતત આઠમા વર્ષે પ્રથમ સ્થાને છે. દિલીપ સંઘવી દેશના બીજા સૌથી અમીર વ્યક્તિ છે.
- નેશનલ કોંગ્રેસ પાર્ટીએ સમર્થન પાછું ખેંચતા પોતાની સરકાર લઘુમતીમાં આવવાથી પૃથ્વીરાજ ચૌહાણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું. તેમણે રાજ્યપાલ સી વિદ્યાસાગર રાવને રાજીનામું સોંપ્યું.
- દેશની સૌથી મોટી લેન્ડર એસબીઆઈએ કોરિયાની એક્સ્પોર્ટ ઈમ્પોર્ટ બેંક (કોરિયા એક્ઝિમ બેંક) સાથે 500 મિલિયન ડોલરની લાઈન ઓફ ક્રેડીટ (LOC) ના કરાર કર્યા.
- કેન્દ્ર સરકારે શહેરી અને ગ્રામ્ય ગરીબો માટે દીન દયાલ ઉપાધ્યાય અંત્યોદય યોજનાની શરૂઆત કરી. જેનો હેતુ કૌશલ્ય વિકાસ અને અન્ય ઉપાયોના માધ્યમથી રોજગારીની તકોમાં વધારો કરીને ગરીબી ઓછી કરવાનો છે.
- આ યોજનાના બે ઘટકો છે: એક શહેરી ભારત માટે અને એક ગ્રામ્ય ભારત માટે. શહેરી ઘટકનું અમલીકરણ કેન્દ્રીય આવાસ અને શહેરી ગરીબી નાબુદી મંત્રાલય કરશે જયારે ગ્રામ્ય ઘટક (જેનું નામ દીન દયાલ ઉપાધ્યાય ગ્રામ્ય કૌશલ્ય યોજના છે) નું અમલીકરણ કેન્દ્રીય ગ્રામ્ય વિકાસ મંત્રાલય કરશે.
- અમેરિકન સેનેટે બાઈપાર્ટીસન પ્રસ્તાવ પાસ કરીને 30 સપ્ટેમ્બર, 2014 ને 'યુએસ ઇન્ડિયા પાર્ટનરશીપ ડે' ઘોષિત કર્યો.
- ભારત બાંગ્લાદેશ સંયુક્ત સલાહકાર સમિતિ (જેસીસી) ની બેઠક નવી દિલ્હીમાં યોજવામાં આવી. ત્રીજી જેસીસીની સહ અધ્યક્ષતા વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે અને બાંગ્લાદેશી સમકક્ષ અબુલ હસન મોહમ્મદ અલીએ કરી.
- 28 સપ્ટેમ્બરે વિશ્વ રેબીઝ દિવસ ઉજવવામાં આવ્યો. તેનો હેતુ લોકોમાં હડકવા (રેબીઝ) પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. વર્ષ 2014 ના વિશ્વ રેબીઝ દિવસનો વિષય : ટુગેધર અગેન્સ્ટ રેબીઝ. હડકવા એક વાઈરલ રોગ છે. તે કૂતરા અથવા જીભથી પાણી પીનારા પ્રાણીઓના કરડવાથી થાય છે. હડકવાની રસીની શોધ લુઈ પાશ્વરે કરી હતી.

કરંટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત
www.crackgpsc.com

- 17 મી એશિયન ગેમ્સમાં ભારતીય પહેલવાન યોગેશ્વર દત્તે કુસ્તીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો તેમજ સાનિયા મિર્ઝા અને સાકેત માઈનેનીએ ટેનિસ સ્પર્ધાના મિશ્રિત યુગલનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- અશરફ ગની અહમદજઈએ અફગાનિસ્તાનના રાષ્ટ્રપતિ પદની શપથ લીધી. તેમણે વર્ષ 2001માં અમેરિકાના હુમલા પછીથી સત્તારૂઢ હમીદ કરજઈનું સ્થાન લીધું.
- જી20 વાર્ષિક શિખર સંમેલન 2014 માટે નરેન્દ્ર મોદીના શેરપા તરીકે ઉર્જા, પર્યાવરણ અને જળ પરિષદના અધ્યક્ષ સુરેશ પ્રભુની નિમણુક કરવામાં આવી. શેરપા એક વરિષ્ટ અધિકારી હોય છે જે શિખર સંમેલન દરમ્યાન મંત્રીઓના વિચાર અને એજન્ડા તૈયાર કરવાની જવાબદારી લે છે.
- બ્રિટનના પૂર્વીય ડીવોનમાં મેટલ ડિટેકટ કરનાર વ્યક્તિ લોરેન્સ ઇગરટોનને જમીનમાંથી ચોથી સદી (રોમન સામ્રાજ્ય )ના સિક્કા પ્રાપ્ત થયા. તેનું મુલ્ય એક લાખ પાઉન્ડ (એક કરોડ રૂપિયા) છે.
- લિએન્ડર પેસ અને માર્સિન માત્કોવસ્કીએ એટીપી મલેશિયન ઓપન પુરુષ યુગલનો ખિતાબ જીત્યો.
- ચીનના વૈજ્ઞાનિકોએ દક્ષિણ ચીનના ખડકોના તળિયેથી એવા રહસ્યમય ગોળાકાર અવશેષોની શોધ કરી છે કે જે ધરતી પર વિકસેલ સૌથી પ્રથમ જીવોના હોઈ શકે છે. તેને મેગાસ્ફિયર નામ આપવામાં આવ્યું છે. તેનો આકાર 0.03 ઇંચ છે. આ અવશેષો 60 કરોડ વર્ષોથી પણ વધુ સમયથી આ ખડકોમાં સુરક્ષિત છે.
- ન્યાયાધીશ ન્યાયમૂર્તિ એચ એલ દત્તુ (એચ લક્ષ્મીનારાયણ સ્વામી) એ દેશના 42 મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા. તેમણે રીટાયર થયેલ આર એમ લોઢાનું સ્થાન લીધું.




www.crackgpsc.com

- જયલલિતાને બેંગ્લોરની વિશિષ્ટ અદાલતે આવક કરતા વધુ સંપત્તિની બાબતે દોષી કરાર આપી 4 વર્ષની જેલની સજા અને 100 કરોડ રૂપિયાનો દંડ કર્યો. આ નિર્ણય સાથે તેઓ દેશના આ પ્રકારના પ્રથમ મુખ્યમંત્રી બન્યાં જેમને આવક કરતા અધિક સંપત્તિના વિષયમાં પોતાના પદ માટે યોગ્ય જાહેર કરાયા હોય. તેમના અનુયાયીઓ તેમને અમ્મા અને પુરાત્ચી થાલાવી (ક્રાંતિકારી નેતા) કહીને બોલાવે છે. રાજનીતિમાં આવતા પહેલા તેઓ 100 થી વધુ ફિલ્મોમાં અભિનય આપી ચુક્યા છે.
- એઆઈએડીએમકે નેતા ઓ પન્નીરસેલ્વમ તમિલનાડુના નવા મુખ્યમંત્રી. તેઓ રાજ્યના નાણામંત્રી હતા.
- ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ કાર્ય સમિતિએ ભારતીય ક્રિકેટ ટીમના નિદેશક રવિ શાસ્ત્રીનો કાર્યકાળ 2015 ના આઈસીસી વિશ્વ કપ સુધી વધારી દીધો. વિશ્વ કપ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રમવામાં આવશે. ત્યાં સુધી કોચ ડંકન ફ્લેચરની સેવાઓ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.
- હમાસ અને ફતહ ગાજા પટ્ટીમાં પેલેસ્ટિનિયન અધિકૃત સરકારને મંજુરી આપવા સહમત થયા.
- યુરોપે અમેરિકાને હરાવીને 40 મો રાઈડર કપ જીત્યો. આ કપ યુરોપ અને અમેરિકાની ટીમો વચ્ચે એક દ્વિવાર્ષિક પુરુષોની ગોલ્ફ સ્પર્ધા છે.
- ચીને પોતાની ઉત્પાદન તાકાતને જાળવી રાખવા માટે 'મેક ઇન ઇન્ડીયા' ની જેમ 'મેડ ઇન ચાઈના' અભિયાન શરુ કર્યું.
- નરેન્દ્ર મોદીએ ન્યુયોર્કમાં યુએન(જી)એના 69 મા સત્રને હિન્દીમાં સંબોધિત કર્યું. તેઓ અટલ બિહારી બાજપાઈ પછી 193 સભ્યોવાળી યુએન મહાસભાને હિન્દીમાં સંબોધિત કરનાર બીજા ભારતીય વડાપ્રધાન બન્યા તેમજ અટલ બિહારી બાજપાઈ અને પી વી નરસિંહારાવ પછી યુજીએ સત્રને હિન્દીમાં સંબોધનાર ત્રીજા ભારતીય રાજનેતા બન્યા.
- વ્યુહાત્મક સંબંધોને વધારવા માટે ભારત અને અમેરિકાએ એક વિઝન સ્ટેટમેન્ટ 'ચલે સાથ સાથ: ફોરવર્ડ ટુગેધર વી ગો' રજુ કર્યું. તેમાં બંને દેશો તરફથી સમૃદ્ધિ અને શાંતિ માટે સંયુક્ત પ્રયાસ કરવાનો કોલ કરવામાં આવેલ છે.
- દિલ્હી મેટ્રો રેલ નિગમે 22 સપ્ટેમ્બર થી 27 સપ્ટેમ્બર 2014ના સપ્તાહને વિશ્વ ગ્રીન બિલ્ડિંગ સપ્તાહ તરીકે ઉજવ્યું. આ સપ્તાહ એક સાથે લગભગ 100 દેશોમાં ઉજવાયું. આ સપ્તાહની થીમ છે: ગેટ અપ, ગ્રીન અપ. તેનો હેતુ પર્યાવરણ માટે અનુકુળ ઈમારતોના નિર્માણને પ્રોત્સાહન આપવાનો છે.

www.crackgpsc.com

- ટાટા સ્ટીલના ઉપાધ્યક્ષ <u>બી મુથુરમન કંપનીના</u> બોર્ડમાંથી નિવૃત્ત થયા. તેઓ ટાટા ઇન્ટરનેશનલ લિ. ના અધ્યક્ષ પણ હતા. ટાટા ગ્રુપના વૈશ્વિક વેપાર અને વિતરણ શાખાના પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ જી કે પિલ્લાઇએ તેમનું સ્થાન લીધું.
- દુનિયાભરમાં વિશ્વ પર્યટન દિવસ (WTD) 27 સપ્ટેમ્બરે ઉજવવામાં આવ્યા. તેની થીમ હતી: પર્યટન અને સમુદાય વિકાસ. પ્રથમ વિશ્વ પર્યટન દિવસ વર્ષ 1980માં ઉજવવામાં આવ્યો હતો.

**_Current Shatak is now available in English ..._**




www.crackgpsc.com